# 'સ્પિરિટ' પ્રભાસને 'ભારતનો સૌથી મોટો સુપરસ્ટાર' બનાવશે?

શું રણબીર કપૂરને 'સુપરસ્ટાર' બનાવનાર નિર્દેશક સંદીપ રેડ્ડી વાંગા પ્રભાસને 'ભારતનો સૌથી મોટો સુપરસ્ટાર' બનાવશે? આ પ્રશ્ન ફિલ્મ 'સ્પિરિટ'ના વિઝ્યુઅલ્સ વગરના સંવાદોનો ટીઝર વિડીયો આવ્યા પછી થઈ રહ્યો છે. સંદીપની 'એનિમલ'નો પહેલો વિડીયો આવો જ હતો. જેમાં રણબીર માટે 'સુપરસ્ટાર' શબ્દ વાપર્યો હતો. જે ફિલ્મની રજૂઆત પછી સાચો સાબિત થયો હતો.





હવે પ્રભાસ સાથે 'સ્પિરિટ'ના પ્રમોશનમાં આ ટેગલાઇનનો ઉપયોગ કરીને નિર્દેશકે જાણીજોઈને સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ કરાવી છે. પ્રભાસને આ ટાઇટલ આપવું એ તેમની માર્કેટિંગ ટેકનિક છે. જે પ્રભાસના અભૂતપૂર્વ પેન-ઇન્ડિયા સ્ટારડમ, વિરાટ ઓપનિંગ કલેક્શન લાવવાની ક્ષમતા અને નિર્દેશક વાંગાની બોલ્ડ પ્રમોશનલ સ્ટાઇલ પર આધારિત છે. ટીઝરમાં અપાયેલ 'ઇન્ડિયાઝ બિગેસ્ટ સુપરસ્ટાર'ના ટાઇટલને કારણે સોશિયલ મીડિયા પર મોટો વિવાદ થયો છે. ખાસ કરીને શાહરૂખ ખાનના ચાહકો તરફથી કહેવાયું છે કે બ્લોકબસ્ટર 'પઠાણ' અને 'જવાન'ને કારણે SRK ગ્લોબલ સ્ટારડમ અને આ ખિતાબનો સાચો હકદાર છે. પ્રભાસ એવો પ્રથમ દક્ષિણ ભારતીય અભિનેતા છે જેને 'પેન-ઇન્ડિયા સ્ટાર'નો દરજ્જો મળ્યો છે. જે ઘણા ઓછા કલાકારોને મળ્યો છે. પ્રભાસ ફિલ્મમાં એક કટ્ટર અને ગુસ્સે ભરાયેલા પોલીસ ઓફિસરની ભૂમિકામાં છે. 'બાહુબલિ' પછી પ્રભાસને આવા તીવ્ર, એક્શનથી ભરપૂર અને સંવેદનશીલ પાત્રમાં જોવાની ચાહકોની ઈચ્છા હતી. ટીઝરમાં જે સંવાદો સાંભળવા મળ્યા છે તે દર્શાવે છે કે આ પાત્ર ભ્રષ્ટ અથવા બરતરફ કરાયેલ પોલીસ જેવું હોય શકે છે. જે કાયદાની મર્યાદાઓથી ઉપર જઈને ન્યાય કરે છે. તેનો આ રોલ ચાહકો માટે એકદમ નવો અને આકર્ષક છે. પ્રભાસનો છેલ્લો સંવાદ 'નાનપણથી મારી બસ એક ખરાબ આદત છે' આખા ટીઝરનું કેન્દ્ર છે. જે આ પાત્રની ખરાબ આદત શું હશે તે જાણવાની ઉત્સુકતા જગાવે છે. બીજું કે 'અર્જુન રેડ્ડી' અને 'એનિમલ' જેવી ફિલ્મોના દિગ્દર્શક સંદીપ રેડ્ડી વાંગા તેમની તીવ્ર અને વિવાદાસ્પદ વાર્તા કહેવાની શૈલી માટે જાણીતા છે. પ્રભાસ જેવા મોટા સ્ટાર સાથે તેમની આ પહેલી ફિલ્મ છે તેથી દર્શકો અપેક્ષા રાખી રહ્યા છે કે તેઓ આ એક્શન-ડ્રામામાં પ્રભાસને એક અત્યંત અલગ અને દમદાર અવતારમાં રજૂ કરશે. પ્રભાસ સાથે તૃપ્તિ ડિમરી, વિવેક ઓબેરોય અને પ્રકાશ રાજ જેવા મજબૂત કલાકારોની હાજરી ફિલ્મને વધુ દમદાર બનાવે છે. વિવેક ઓબેરોયનું વિલન તરીકેનું કાસ્ટિંગ અને પ્રકાશ રાજ સાથેનો પ્રભાસનો જેલનો સીન ફિલ્મને એક જબરદસ્ત મુકાબલો આપી શકે છે. એ વાતની સંભાવના છે કે વિવેકનું પાત્ર 'એનિમલ'ના બોબી દેઓલના પાત્ર જેવી કેટલીક સમાનતાઓ ધરાવી શકે છે. વિવેકનું પાત્ર દમદાર, શાંત પણ ક્રૂર અને હીરોને સખત ટક્કર આપનારું હશે તે નિશ્ચિત છે

ફિલ્મ ટી.વી


રાકેશ ઠક્કર

# હર્ષવર્ધન રાણે માટે દર્શકોની દીવાનિયત વધી રહી છે!

ફિલ્મ 'એક દીવાને કી દીવાનીયત'ની સફળતા પછી હર્ષવર્ધન રાણે ચોક્કસપણે મોટા સ્ટારડમ તરફ આગળ વધી રહ્યો છે એ વાત વિવેચકો સ્વીકારી રહ્યા છે. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર આશ્ચર્યજનક પ્રદર્શન કર્યું છે. 5 દિવસમાં રૂ.30 કરોડનો આંકડો પાર કરીને તેની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. તેની અગાઉની હિટ ફિલ્મ 'સનમ તેરી કસમ' જે આ વર્ષે ફરી રજૂ થતાં હિટ થઈ હતી તેના આંકડાને પણ પાછળ છોડી દીધો છે. તે આયુષ્માન ખુરાનાની 'થામા' જેવી મોટી સ્ટાર કાસ્ટ અને મોટા બજેટની ફિલ્મ સાથે ટકરાઈ હતી. એટલું જ નહીં 'A' પ્રમાણપત્ર છતાં રૂ.10 કરોડનું ઓપનિંગ મળ્યું. બોક્સ ઓફિસ પરના આ પ્રદર્શનથી સાબિત થયું છે કે હર્ષવર્ધન હવે પોતાની ફિલ્મને એકલા હાથે ખેંચી શકે છે અને દર્શકોને થિયેટરો સુધી લાવી શકે છે. તે લાભદાયક અને ભરોસાપાત્ર અભિનેતા બની ગયો છે. તેની પાસે ભલે 'ખાન' કે 'કુમાર' જેવી સુપરસ્ટારની તાકાત ન હોય પરંતુ 'એક દીવાને કી દીવાનીયત'ની સફળતાએ મજબૂત 'સ્ટાર પાવર' અને 'બોક્સ ઓફિસ હીરો' તરીકે સ્થાપિત કરી દીધો છે. તેની આગામી ફિલ્મો નક્કી કરશે કે તે મુખ્યપ્રવાહનો 'સ્ટાર' બની શકશે કે નહીં. હર્ષવર્ધનને એટલા માટે લેવામાં આવ્યો હતો કેમ કે જનતાએ તેને પહેલા આ પ્રકારની ભૂમિકામાં પસંદ કર્યો હતો. એક એવો માણસ જેનો પ્રેમ ક્યારેય પૂર્ણ થઈ શકતો નથી. મોટાભાગનું ભારત આ વિચાર સાથે સંમત હોય છે. તેણે ભૂમિકાને દિલથી નિભાવી છે. પ્રેમ માટે કંઈ પણ કરવા તૈયાર ઝનૂની પ્રેમી તરીકે તે ચમકે છે. તેની લાગણીઓ અને અભિવ્યક્તિઓ શક્તિશાળી છે અને ભૂમિકાને અનુરૂપ છે. નવાઈની વાત છે કે ફિલ્મના મોટાભાગના રીવ્યુ નકારાત્મક હતા. નિર્માતાનું ધ્યેય સારી ફિલ્મ બનાવવાનો બનાવવા કરતાં હિટ બનાવવાનું વધારે હતું. તેથી એમાં દરેક એ વસ્તુ રાખી જેના કારણે 'તેરે નામ' થી 'એનિમલ' સુધીની ફિલ્મોની ટીકા થઈ હતી. મિલાપ ઝવેરી નિર્દેશિત આ ફિલ્મ 90 ના દાયકાનો અહેસાસ કરાવી શકે છે પરંતુ હર્ષવર્ધન રાણે અને સોનમ બાજવા વચ્ચેની કેમિસ્ટ્રી, સુપરહિટ ગીતો અને તીવ્ર પ્રેમકથા દર્શકો માટે આકર્ષણનું કેન્દ્ર સાબિત થઈ છે. અહીં સિનેમેટિક સ્વતંત્રતા છીનવાઈ ગઈ છે પણ તેને દીવાનિયત સાથે વાજબી ઠેરવવામાં આવી છે.




# ક્વોન્ટમ કમ્પ્યુટર: સુપર કમ્પ્યુટરનો બાપ !



લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

એક મશીન જે સુપર કમ્પ્યુટરને પણ ચણા ખવડાવી દે! આ મશીન સેકન્ડોમાં એવું કામ કરી શકે છે જે આજના સૌથી મોટા કમ્પ્યુટર વર્ષોમાં પણ કરી શક્યાં નથી. સ્ટોક માર્કેટનો ડેટા ક્રંચ કરી તમને જણાવી શકે કે 10 રૂપિયાનો આ શેર આજે ખરીદશો તો 10 વર્ષમાં તમને કરોડપતિ બનવી દેશે! અથવા કોઈ વ્યક્તિના ડીએનએનો અભ્યાસ કરીને 'યે જવાની હૈ દીવાની' વાળા બનીનો ડાયલોગ બોલી દે - 22 માં પથરી, 25માં બીપી અને 33 પર સંધિવા.

આ વાત કેટલાક લોકોને જ્યોતિષશાસ્ત્ર જેવી લાગશે અને કેટલાકને હોલિવૂડની સાયન્સ ફિક્શન ફિલ્મ જેવી. પરંતુ આ કહાની ટૂંક સમયમાં વાસ્તવિકતા બની શકે છે. વિશ્વભરના વૈજ્ઞાનિકો ક્વોન્ટમ કમ્પ્યુટર નામનું આ જાદુઈ મશીન બનાવવા માટે દિવસ-રાત કામ કરી રહ્યા છે. આ કમ્પ્યુટર પાછળ ફિઝિક્સના નિયમો તોડનારૂં ફિઝિક્સ છે - ક્વોન્ટમ ફિઝિક્સ અથવા ક્વોન્ટમ મિકેનિક્સ. ક્વોન્ટમનો શાબ્દિક અર્થ 'નાનું અથવા સૂક્ષ્મ' થાય છે. તે પરમાણુઓ કરતા નાના કણો પર કામ કરે છે, અને તે અતિ અસરકારક છે. તે નાનું દેખાઈ શકે છે, ઘા ગંભીર કરે છે.

હવે, આ ક્વોન્ટમ વિશ્વમાં એક અભૂતપૂર્વ શોધ કરવામાં આવી છે, જેના માટે ત્રણ વૈજ્ઞાનિકો - જોન ક્લાર્ક, મિશેલ ડેવોરેટ અને જોન માર્ટિનિસ - એ તાજેતરમાં ફિઝિક્સમાં નોબેલ પુરસ્કાર જીત્યો છે. આ શોધનું શીર્ષક 'માઈક્રોસ્કોપિક ક્વોન્ટમ મિકેનિકલ ટનલિંગ ઍન્ડ એનર્જી ક્વોન્ટાઈઝેશન ઈન ઈલેક્ટ્રિક સરકીટ' છે. હવે તેને વિગતવાર સમજીએ:

- આ ક્વોન્ટમ મિકેનિક્સ શું છે જે ફિઝિક્સના નિયમોને અવગણે છે?

- અને આ શોધે ભવિષ્યને કેવી રીતે આકાર આપ્યો છે?

**ક્વોન્ટમ ફિઝિક્સ શું છે?:**

સૌપ્રથમ, ચાલો સમજીએ કે ક્વોન્ટમ ફિઝિક્સ શું છે. ઉત્ક્રાંતિ દરમિયાન માનવીએ વિશ્વને સમજવા માટે સખત મહેનત કરી. તેઓ સમજવા માગતાં હતા કે વિશ્વનું નિર્માણ સૌથી સૂક્ષ્મ સ્તરે કેવી રીતે થયું. વૈજ્ઞાનિક સંશોધન આગળ વધ્યુ ત્યારે એવું જાણવા મળ્યું કે આ દુનિયામાં બધું જ પરમાણુઓથી બનેલું છે. જો કે, જેમ જેમ વધુ સંશોધન હાથ ધરવામાં આવ્યું તેમ તેમ જાણવા મળ્યું કે નાના કણો પણ પરમાણુઓની અંદર અસ્તિત્વ ધરાવે છે. આ જ પરમાણુઓમાંથી બનેલા છે. જેને સબએટોમિક કણો કહેવામાં આવતા હતા, જેમાં ઈલેક્ટ્રોન, ન્યુટ્રોન અને પ્રોટોનનો સમાવેશ થાય છે.

20મી સદીમાં એવું જાણવા મળ્યું કે ફિઝિક્સના બધા નિયમો જે દરેક વસ્તુ પર લાગુ પડે છે - ન્યુટન અને આઈન્સ્ટાઈન દ્વારા ઘડવામાં આવેલા સમાન નિયમો સબએટોમિક સ્તરે લાગુ પડતા નથી. કારણ કે અણુની અંદરની દુનિયા બહારની દુનિયાથી સંપૂર્ણપણે અલગ છે. ઈલેક્ટ્રોન અને પ્રોટોન જેવા છે. સબએટોમિક કણોના સ્તરને ક્વોન્ટમ સ્તર કહેવામાં આવતું હતું. અને આ સ્તરે લાગુ કરાયેલ ફિઝિક્સને ક્વોન્ટમ ફિઝિક્સ અથવા ક્વોન્ટમ મિકેનિક્સ કહેવામાં આવતું હતું.

ક્વોન્ટમ મિકેનિક્સ કહે છે કે એક કણ એકસાથે બે જગ્યાએ હોઈ શકે છે અથવા દીવાલને ઓળંગી શકે છે, જેમ ફિલ્મોમાં ભૂત દીવાલોને ઓળંગે છે. આનું કારણ કે કોઈ ચોક્કસ જવાબો નથી. આખો મામલો સંભાવનાઓ પર આધારિત છે. આવું કેમ છે? વાસ્તવમાં કોઈપણ કણની સ્થિતિ અને ગતિ એકસાથે ચોકસાઈથી માપી શકાતી નથી. કારણ કે આ અત્યંત નાના અને ઊર્જાવાન કણો છે, તેમને કોઈપણ સાધનથી જોઈ શકાતા નથી, અને તેની પાસે એટલી બધી ઊર્જા છે કે તેઓ એક જગ્યાએ સ્થિર રહેતા નથી. તેથી, ક્યારેક તે સમજવું મુશ્કેલ બને છે કે તે કણો છે કે તરંગો.

ઉદાહરણ તરીકે, પ્રકાશના સબએટોમિક કણો, એટલે કે, ફોટોન, દ્વિ પ્રકૃતિ ધરાવે છે. તેઓ ક્યારેક કણોની જેમ વર્તે છે અને ક્યારેક તરંગોની જેમ. મતલબ કે, તે પાર્ટી અને બ્રોકર બંને છે. દંભની મર્યાદા હોઈ શકે છે, પરંતુ આ કણોની દ્વિ પ્રકૃતિની કોઈ મર્યાદા નથી.

**ક્વોન્ટમ મિકેનિકલ ટનલિંગ શું છે?:**

ધારો કે તમે ગ્રાઉન્ડ ફ્લોરથી બીજા માળ તરફ બોલ ફેંકો છો. બોલ બીજા માળે પહોંચે છે કે નહીં તે તમે કેટલા બળનો ઉપયોગ કરો છો તેના પર આધાર રાખે છે. જો તમે પૂરતું બળ લગાવશો, તો બોલ બીજા માળે પહોંચશે, નહીં તો તે પાછો પડી જશે. પરંતુ આ ફિઝિક્સનો નિયમ છે. વધુમાં, ક્વોન્ટમ ફિઝિક્સ જણાવે છે કે બળ ગમે તેટલું હોય, બોલ બીજા માળે પહોંચશે.

આ એટલા માટે છે કારણ કે આ દુનિયામાં બોલ કોઈ પદાર્થ નથી, પરંતુ એક તરંગ છે. તેથી, કોઈપણ ક્ષણે, આ તરંગનો અમુક ભાગ ગ્રાઉન્ડ ફ્લોર પર અને અમુક ભાગ બીજા માળે હશે. આને ક્વોન્ટમ મિકેનિકલ ટનલિંગ કહેવામાં આવે છે. સાંભળવામાં તે ઈલલોજિકલ લાગે છે, પરંતુ ક્વોન્ટમ લેવલ પર તે થાય છે, સબએટોમિક કણો જેમ કે ઈલેક્ટ્રોનની સાથે. પણ આ વસ્તુ મોટાપાયે ઈમ્પ્લિમેન્ટ નથી થઈ શકતી. કારણ કે મોટી વસ્તુની પોઝીશન અને સ્પીડ બંને બરાબર ખબર હોય છે. વ્યવહારિક દ્રષ્ટિએ પણ, જ્યારે કોઈ વસ્તુ વિશે બધું જાણીતું હોય છે, ત્યારે ડ્યુઆલિટીનો સ્કોપ સમાપ્ત થાય છે. આમ તો, વિજ્ઞાનમાં અપવાદો ઉપલબ્ધ હોય છે, આ કિસ્સામાં કોઈ અપવાદો નહોતા, તેથી આ ત્રણ વૈજ્ઞાનિકોએ બનાવી દીધા. અને તેઓએ મોટા પાયે તેનો અમલ કરીને પણ દેખાડ્યો. કેવી રીતે? આ સમજતા પહેલા, કરન્ટનો કોન્સેપ્ટ સમજવો જરૂરી છે.

**આ શોધ એટલા માટે પણ ખાસ છે કારણ કે આ ત્રણ વૈજ્ઞાનિકોએ ક્વોન્ટમ ટનલિંગ અને એનર્જીનું ક્વોન્ટાઇઝેશનનું દેખાડ્યું જે એટલું મોટું છે કે તેને હાથમાં પકડી શકાય છે**

**કરન્ટના કોન્સેપટના સિદ્ધાંતો:**

પદાર્થો બે પ્રકારના હોઈ શકે છે:

- જે પદાર્થો પ્રવાહનું સંચાલન કરી શકે છે, જેમ કે લોખંડ, તાંબુ અને એલ્યુમિનિયમ. ફિઝિક્સમાં આને વાહક કહેવામાં આવે છે.

- જે પદાર્થો પ્રવાહનું સંચાલન કરી શકતા નથી, જેમ કે રબર, કોલસો અને પ્લાસ્ટિક, તેને ઈન્સ્યુલેટર કહેવામાં આવે છે.

જ્યારે કોઈ વાહક વિદ્યુત સ્ત્રોત સાથે જોડાયેલ હોય છે, ત્યારે કેટલાક ઈલેક્ટ્રોન પરમાણુઓથી મુક્ત થઈને એક દિશામાં આગળ વધવાનું શરૂ કરે છે. આ મુક્ત ઈલેક્ટ્રોન પ્રવાહ વહન કરે છે, જ્યારે ઈલેક્ટ્રોન વિરુદ્ધ દિશામાં આગળ વધે છે. તમારા ઘરમાં વિદ્યુત વાયરિંગ આ સિદ્ધાંત પર કામ કરે છે.

પરંતુ આટલું જ નહીં. તમે જોયું હશે કે જ્યારે કોઈપણ વિદ્યુત ઉપકરણ, જેમ કે રેફ્રિજરેટર અથવા ટીવી, લાંબા સમય સુધી ઉપયોગમાં લેવાય છે, ત્યારે તેના વાયર ગરમ થાય છે. આ પ્રવાહ સાથેની એક મોટી સમસ્યા છે. આનું કારણ રેજિસ્ટેન્સ છે. રેજિસ્ટેન્સ એટલે અવરોધ અથવા પ્રતિકાર.

હકીકતમાં વાહકની અંદર ફરતા ફ્રી ઈલેક્ટ્રોન બાકીના પરમાણુઓ અને તે વાહકમાં હાજર અન્ય ફ્રી ઈલેક્ટ્રોન સાથે અથડાય છે. કરન્ટને આગળ વધવામાં મુશ્કેલી થાય છે. આ વાયર ગરમ થવાનું કારણ બને છે. ફિઝિક્સમાં આને રેજિસ્ટેન્સ કહેવામાં આવે છે. રેજિસ્ટેન્સ જેટલો ઓછો હશે, તેટલો સારો પ્રવાહ વહેશે અને વીજળીનું નુકસાન ઓછું થશે. આ તે જગ્યા છે જ્યાં સુપરકન્ડક્ટર્સ ભૂમિકા ભજવે છે. સુપરકન્ડક્ટર્સનો રેજિસ્ટેન્સ શૂન્ય હોય છે.

ત્રણ વૈજ્ઞાનિકો - જોન ક્લાર્ક, મિશેલ ડેવોરેટ અને જોન માર્ટિનિસ - એ 1984-85માં એક પ્રયોગ કર્યો હતો, જેમાં સુપરકન્ડક્ટર સર્કિટ બનાવવામાં આવી હતી. તેઓએ સુપરકન્ડક્ટરના બે ટુકડાઓ વચ્ચે ઈન્સ્યુલેટરનો પાતળો પડ મૂક્યો હતો. આને 'જોસેફસન જંક્શન' કહેવામાં આવે છે.

આ સર્કિટમાં બધા ઈલેક્ટ્રોન્સ એક જ સિંકમાં એકસાથે એવી રીતે વહે છે, જાણે કે તે નાના-નાના ઈલેક્ટ્રોન નહીં, પરંતુ ઈલેક્ટ્રોનનું એક કોમ્બિનેશન હોય, જે આખી સર્કિટમાં ફરતા રહે છે. આ ઘટના કંઈક અંશે સ્ટેડિયમમાં ચાહકો સાથે મળીને ચીયરિંગ કરતી હોય તેવી છે. સ્ટેડિયમમાં દરેકના અવાજ ભેગા થઈને એક જ, જોરદાર અવાજ બનાવે છે. આમા કમાલની વાત એ છે કે આ પરિસ્થિતિમાં કોઈ વિદ્યુત સ્ત્રોત જોડવામાં નથી આવ્યો. આ ઈલેક્ટ્રોન ક્વોન્ટમ મિકેનિકલ ટનલિંગને કારણે ચાલી રહ્યાં છે. આના કારણે વિદ્યુત સ્ત્રોત વિના, ઈન્સ્યુલેટરના અવરોધોને પાર કરીને કરન્ટ ચાલતો રહે છે. અને આ સર્કિટમાં વોલ્ટેજ પણ બનાવે છે. કારણ એ જ કે આ ઈલેક્ટ્રોન કણોની જેમ નહીં પણ તરંગોની જેમ ફરે છે, અને ક્વોન્ટમ મિકેનિક્સને કારણે, સમગ્ર સિસ્ટમ આપમેળે કાર્ય કરે છે. જોકે, સર્કિટને કાર્ય કરી શકે એ માટે પૂરતી ઊર્જા પૂરી પાડવામાં આવી નથી. આને 'એનર્જી ક્વોન્ટાઈઝેશન ઈન ઈલેક્ટ્રિક સર્કિટ' કહેવામાં આવે છે. અને શરૂઆતથી અંત સુધી આ સમગ્ર ખ્યાલને 'માઈક્રોસ્કોપિક ક્વોન્ટમ મિકેનિકલ ટનલિંગ ઍન્ડ એનર્જી ક્વોન્ટાઈઝેશન ઈન ઈલેક્ટ્રિક સર્કિટ' પણ કહેવામાં આવે છે. આ શોધમાં બીજી એક ખૂબ જ મહત્વપૂર્ણ હકીકત છે. હકીકતમાં ફિઝિક્સમાં એક મુખ્ય પ્રશ્ન એ છે કે ક્વોન્ટમ મિકેનિકલ ઈફેક્ટ દેખાડવા માટે સિસ્ટમ કેટલી મોટી હોવી જોઈએ. આ શોધ એટલા માટે પણ ખાસ છે કારણ કે આ ત્રણ વૈજ્ઞાનિકોએ ક્વોન્ટમ ટનલિંગ અને એનર્જીનું ક્વોન્ટાઈઝેશનનું દેખાડ્યું જે એટલું મોટું છે કે તેને હાથમાં પકડી શકાય છે.

# મહેનત વગર કોઇ કાર્ય સંભવ નથી

આંખની અટારી

★ હેમુ ભીખુ

ક્યાંક પ્રશંસાની આવશ્યકતા છે. આમ તો બધે જ પ્રશંસાની આવશ્યકતા છે. જે પણ થઈ રહ્યું છે તેની પાછળ ઘણી મહેનત લાગતી હોય છે. જે પણ થઈ રહ્યું છે તેની પાછળ એક ચોક્કસ પ્રકારનો વિચાર અને તે માટેની વિચારધારા કાર્યરત હોય છે. આ વિચારધારામાં પરિપક્વતા આવે તે માટે ઘણાં સફળ તેમ જ નિષ્ફળ પ્રયોગો કરાયા હોય છે. આ પ્રયોગોના તારણને એકત્રિત કરી, તેનો સાર કાઢી, તે અનુસાર ઘટના આકાર લેતી હોય છે.

એ વાત તો બધાં જ જાણે છે કે, માતા જ્યારે રોટલી બનાવે ત્યારે તેમનો વર્ષોનો અનુભવ તેમાં ફાળો આપતો હોય છે. તે ઉપરાંત પણ ઘઉં દળાવવા માટે ઘંટીના માલિક દ્વારા, ઘઉંને ખેતરથી દુકાન સુધી પહોંચાડવા માટે વાહન વ્યવહાર સાથે સંલગ્ન તથા ખરીદ-વેચાણ નિયંત્રિત કરનાર વ્યક્તિઓ દ્વારા તેમજ ઘઉંને ઉગાડવા માટે ખેડૂત દ્વારા અગાથ પ્રયત્નો થતાં હોય છે. લાંબુ વિચારતાં એમ પણ જણાવશે કે દળવાની ઘંટીની શોધ કરનાર, વાહન વ્યવહાર તથા ખરીદ-વેચાણનું માળખું તૈયાર કરનાર, ખેતીમાં વપરાતાં ખાતરની વ્યવસ્થા કરનાર, આ બધાંનો "માતાની રોટલી"માં ફાળો હોય છે. આગળ વિચારતાં એમ પણ જણાશે કે આ રોટલીના મોણમાં જે તેલ વપરાય, રોટલી વણવા માટે જે સાધનોનો ઉપયોગ થાય, રોટલી શેકવા જે બળતણ ઉપયોગમાં લેવાય, રોટલી પર જે ઘી ચોપડાય, જે થાળીમાં રોટલી પીરસવામાં આવે - આ બધું જ જ્યારે વ્યવસ્થિત ગોઠવાય ત્યારે માતાની સરસ રોટલી અસ્તિત્વમાં આવે. આ બધી વાતો, આ બધી મહેનત, આ બધી તપસ્યા, આમાં પડતી કઠણાઈ, આ બધી પ્રક્રિયામાં સંડોવાયેલી ક્યાંક લાચારી કે વ્યથા, આ બધું જ્યારે સમજમાં આવે ત્યારે જ 'માતાની રોટલી'ની વાસ્તવિક કિંમત સમજાય.

સામાન્ય રીતે થતું એમ હોય છે કે, એમ માની લેવામાં આવે છે કે, રોટલી બનાવીને માતા પીરસે એમાં કંઈ મોટી વાત નથી. માતાનો તો એ ધર્મ છે. વાત સાચી છે. પરંતુ એ ધર્મની નિભાવણી પાછળ માતાનો જે ભાવ હોય છે, જે સમર્પણ હોય છે, જે નિષ્ઠા હોય છે, જે વિશ્વાસ હોય છે, તેની યાદ પણ તાજી રાખવી જોઈએ. તેવી જ રીતે માતાની રોટલીની બનાવટમાં જે જે લોકોએ યજ્ઞ તરીકે અનુદાન કર્યું છે તે વિશે પણ ક્યારેક થોડુંક ચિંતન જરૂરી બને. દર વખતે આ શક્ય ન પણ હોય, પણ ક્યારેક તો તે ધ્યાનમાં આવવું જ જોઈએ. અહીં માત્ર માતાની રોટલીનો પ્રશ્ન નથી, આ એક પ્રકારની માનસિકતાના ઘડતરનો પ્રશ્ન છે. સમાજમાં દરેક વ્યક્તિનું મહત્ત્વ સમજવાનો અને તેનાં દ્વારા સમાજના સંતુલિત અને વ્યવસ્થિત અસ્તિત્વ માટે અપાતાં ફાળાની વાત છે. ક્યારેક એમ લાગે છે કે આજનો સમાજ "નગણો"- થેન્કલેસ થતો જાય છે. સમાજના તંદુરસ્ત અસ્તિત્વ માટે આ એક સારી સ્થિતિ નથી. કોઈપણ બાબત એમ જ અસ્તિત્વમાં નથી આવતી. તેની પાછળ ઘણાં લોકોનો, ઘણાં પ્રકારનો, વિવિધ હેતુસર, જુદી જુદી સ્થિતિમાં, મર્યાદાઓ તેમજ ક્ષમતા સાથે સ્થાપિત થયેલ સહકાર હોય છે. એક ચલચિત્ર જ્યારે પડદા પર રજૂ થાય ત્યારે તેની પાછળ કેટલી મહેનત કરાઈ હોય છે તે ક્યારેક તો સમજવું પડે. એનો અર્થ એ નહીં કે દરેક ચલચિત્રની પ્રશંસા કરી, તેને જોવાં જઈ, તેને આર્થિક ટેકો આપવો. આમ કરવાની આવશ્યકતા નથી, પરંતુ મનના ખૂણામાં ક્યાંક એ ભાવ તો સ્થાપિત થવો જ જોઈએ કે આ ચલચિત્ર રૂપે સ્થાપિત થયેલાં પરિણામમાં ઘણી વ્યક્તિઓએ વિશાળ પ્રમાણમાં યોગદાન આપ્યું હશે.

કોઈ પેન્સિલ હાથમાં આવે કે ચશ્મા, કોઈ રબર હાથમાં આવે કે મોબાઈલ, કોઈ પુસ્તક હાથમાં આવે કે ગુગલ તરફ દ્રષ્ટિ પડે, કોઈ ચંદ્રયાન વિશે સમાચાર મળે કે નવું શોધાયેલ રેઝર હાથમાં આવે, આ બધાં પાછળ અપાર મહેનત, સ્પષ્ટ વિચારધારા, ચોક્કસ ઉદ્દેશ્ય, સુનિયોજિત આયોજન, ક્યાંક શારીરિક તો ક્યાંક માનસિક તૈયારી, ચોક્કસ પ્રકારની કૃતનિશ્ચયતા, એક પ્રકારનો વિશ્વાસ, એક કરતાં વધારે વ્યક્તિનું સમર્પણ - આવી કંઈક કેટલીય વાતો સંકળાયેલી હોય છે. ઉપયોગ કરનાર વ્યક્તિના મનમાં ક્યાંક આ સત્ય તો ઉદ્ભવવું જ જોઈએ.

**કોઈ પણ બાબત એમ જ અસ્તિત્વમાં નથી આવતી. તેની પાછળ ઘણાં લોકોનો, ઘણા પ્રકારનો, વિવિધ હેતુસર, જુદી જુદી સ્થિતિમાં, મર્યાદાઓ તેમ જ ક્ષમતા સાથે સ્થાપિત થયેલ સહકાર હોય છે**

એક મકાન તો ઠીક, એક ખુરશીની રચના નિર્ધારિત થયાં બાદ તેની બનાવટમાં પણ અનેક લોકોએ સહયોગ આપેલો હોય છે. મકાનમાં રહેતી વખતે અને ખુરશી પર બેસતી વખતે ક્યારેક તો આ વાત મનમાં આવવી જોઈએ. કમ્પ્યુટર તો ઠીક, એક પેન ડ્રાઈવની બનાવટ માટે પણ કેટલીયે પ્રક્રિયા જરૂરી બનતી હોય છે. કમ્પ્યુટર કે પેન ડ્રાઈવ વાપરતી વખતે આ બાબતે, ક્યારેક, થોડુંક તો સંવેદનશી રહેવું પડે. લગ્ન સમારંભમાં પીરસવામાં આવતી ગુજરાતી થાળી તો ઠીક, એક પાણીપૂરી નિર્ધારિત કરવામાં પણ અનેક વ્યક્તિઓ દ્વારા કરાયેલાં અનેક પ્રયોગો ધ્યાનમાં રાખવાં પડતા હોય છે. મોઢામાં કોળિયો મૂકતાં પહેલાં થોડોક વિચાર ક્યારેક તો આવવો જોઈએ. યાદી ઘણી લાંબી છે. યાદી અનંત છે. સમાજમાં જે જે ઉપકરણો, જે જે સવલતો, જે જે ઉપભોગની ચીજવસ્તુઓ, જે જે સગવડતાનાં સાધનો, જે જે મનોરંજન તેમ જ સુખસાહ્યબીની ચીજવસ્તુ અસ્તિત્વમાં આવી છે તેની પાછળ જે શારીરિક પરિશ્રમ, જે માનસિક ચિંતન, જે વ્યૂહાત્મક આયોજન, જે ધીરજ તથા જે વિશ્વાસનું પીઠબળ રહ્યું હશે તે પ્રત્યે ક્યારેક તો નજર નાંખવી જોઈએ.

આમ કરવાથી જ વસ્તુની કિંમત સમજાશે, વ્યક્તિની કદર થશે, બગાડ ઓછો થશે, પરસ્પર હકારાત્મક ભાવ સ્થાપિત થશે, ઉપયોગિતામાં વિવેક જળવાશે અને સમગ્રતામાં એક પ્રકારનો કૃતજ્ઞતાનો ભાવ ઊભરશે. કદાચ, સમાજમાં આની આજે સૌથી વધુ આવશ્યકતા છે.

